# 2nd Foreign Office Consultations between India and Tanzania

## ભારત અને તાન્ઝાનિયા વચ્ચે 2જા વિદેશ કચેરીનાં પરામર્શો

16 જૂન, 2022

ભારત અને તાન્ઝાનિયા વચ્ચે 16 જૂન 2022 નાં રોજ નવી દિલ્હીમાં વિદેશ કચેરીનાં પરામર્શોનો બીજો રાઉન્ડ યોજવામાં આવ્યો હતો. આ ચર્ચાઓની ભારતીય પક્ષની આગેવાની વિદેશ મંત્રાલયનાં સંયુક્ત સચિવ (ઈએન્ડએસએ) શ્રી પુનીત આર કુંડલ દ્વારા કરવામાં આવી હતી અને તાન્ઝાનિયન પક્ષની આગેવાની તાન્ઝાનિયાનાં વિદેશી બાબતો અને પૂર્વ આફ્રિકન સહકાર મંત્રાલયનાં નિર્દેશક (એશિયા અને ઓસ્ટ્રેલેશિયા) રાજદૂત સીઝર સી. વેઈતારા દ્વારા કરવામાં આવી હતી.

2. આ પરામર્શોમાં રાજકીય, આર્થિક, વ્યાપાર અને રોકાણ, સંરક્ષણ, સાંસ્કૃતિક લોકોનાં પરસ્પરનાં અને પારસ્પરિક હિતનાં અન્ય ક્ષેત્રો સહિતનાં દ્વિપક્ષીય સંબંધોની સમગ્ર બાબતોની સમીક્ષા કરવામાં આવી હતી. સંયુક્ત રાષ્ટ્ર, ઈસ્ટ આફ્રિકા કમ્યુનિટી (ઈએસી), સાઉથ આફ્રિકન ડેવલપમેન્ટ કોઓપરેશન (એસએડીસી) અને આફ્રિકન કોન્ટિનેન્ટલ ફ્રી ટ્રેડ એરીયા (એએફસીએફટીએ) માં સહકાર સહિતનાં બહુપક્ષીય અને પ્રાંતિય મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવી હતી.

3. બન્ને પક્ષોએ દ્વિપક્ષીય વ્યાપારમાં વૃદ્ધિ થવા પર સંતોષ વ્યક્ત કર્યો હતો, જેણે 2021-22 માં 4.5 બિલિયન યુએસ ડોલરનો સ્પર્શ કર્યો હતો. ભારત તાન્ઝાનિયાનાં સૌથી મોટા વ્યાપાર ભાગીદારો પૈકી એક છે અને તાન્ઝાનિયામાં ટોચનાં રોકાણકર્તાઓ પૈકી છે. બન્ને પક્ષો વિવિધ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહકાર વધારે મજબૂત કરવા અને આરોગ્ય, શિક્ષણ, બંદર વિકાસ અને કૃષિ ક્ષેત્રમાં રોકાણની સંભાવનાઓ ખોજવા સંમત થયા હતા. તાન્ઝાનિયા ભારતનો એક મોટો વિકાસ ભાગીદાર દેશ છે અને ભારત દ્વારા તાન્ઝાનીયાને 1.1 બિલિયન યુએસ ડોલર કરતા વધારેની 6 લાઈન ઑફ ક્રેડિટ આપી છે, ખાસ કરીને શહેરી જળ પૂરવઠા અને વ્યવસ્થાપન ક્ષેત્રમાં. ભારતીય પક્ષે ધિરાણો, અનુદાનો અને અન્ય યંત્રણાઓ મારફત તાન્ઝાનિયા સાથે વિકાસ ભાગીદારી ચાલું રાખવાની કટિબદ્ધતાનું પુનઃઉચ્ચારણ કર્યું હતું.

4. ભાગીદારી વાયબ્રન્ટ રાખવા અને પરસ્પર લાભદાયી રાખવા બન્ને પક્ષો ઉચ્ચ સ્તરનાં રાજકીય આદાન-પ્રદાનો અને સંયુક્ત સંસ્થાકીય યંત્રણાઓની નિયમિત મીટિંગો ચાલું રાખવા પણ સંમત થયા હતા.

5. મૈત્રીપૂર્ણ અને સ્નેહપૂર્ણ વાતાવરણમાં આ પરામર્શો યોજવામાં આવ્યા હતા. બન્ને પક્ષો દાર એસ સલામમાં પારસ્પરિક સાનુકૂળ તારીખે પરામર્શોનો આગામી રાઉન્ડ યોજવા માટે સંમત થયા હતા.

**નવી દિલ્હી**
**16 જૂન, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.